Ph. : 0281-2587144 ccdcsauuni@yahoo.co.in

**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot.**

CCDC

Ground Floor, CCDC Building, Academic Centre, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005

Re-Accredited
Grade **A** by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.: ----
Date: 12-11-2019

# પ્રેસનોટ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) દ્વારા તા. ૨૫–૧૧–૨૦૧૯ થી સિનિયર ક્લાર્કની બેચનું આયોજન.....

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સીસીડીસીનાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં છાત્રોને 'સરકારી નોકરી' મેળવવા માટેનું સ્વપ્ન સાકાર કરવા સીસીડીસીના માધ્યમથી નિષ્ણાંતો મારફત સ્માર્ટ ટીપ્સ સાથે સચોટ તાલીમ આપવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપ અનેક છાત્રોએ સરકારી નોકરીઓ મેળવેલ છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી અને કુલસચિવશ્રીના માર્ગદર્શન હેઠળ ટીમ સીસીડીસી મારફત નોનસ્ટોપ તાલીમ, જુદા – જુદા વિષયોના નિષ્ણાંતો અને યુપીએસસી, જીપીએસસી પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર તજજ્ઞ મારફત દરરોજ જ્ઞાનરૂપી આદાન–પ્રદાન, જુદી–જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની સફળતા માટે શોર્ટકટ અને પરિણામ સ્વરૂપ તાલીમ સાથે જ્ઞાનરૂપી લાયબ્રેરી અને સફળતાનું વાતાવરણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે પૂરું પાડવામાં આવે છે. સીસીડીસીના પ્રયત્નો અને પરિણામલક્ષી આયોજન તથા વિદ્યાર્થીઓને મહેનતના કારણે રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રી મારફતની અનેક પરીક્ષાઓમાં છાત્રોએ ઝળહળતી સફળતા મેળવેલ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સચિવાલય વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓ માટે **સિનિયર ક્લાર્ક વર્ગ–૩ ની ૪૩૧ જગ્યા માટે** તાલીમ આપવાનું આયોજન **તા. ૨૫–૧૧–૨૦૧૯** થી સી.સી.ડી.સી. ખાતે શરૂ કરવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં વિવિધ જગ્યાઓ માટેના અભ્યાસક્રમ ગુજરાતનો ઈતિહાસ, ગુજરાતનો ભૂગોળ, કલા અને સંસ્કૃતિ, ગુજરાતી વ્યાકરણ, અંગ્રેજી વ્યાકરણ, સામાન્ય વિજ્ઞાન, ગાણિતિક અને તાર્કિક કસોટીઓ, કોમ્પ્યુટરીને લગતું સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, જાહેર વહીવટ અને ભારતનું બંધારણ વગેરે સિલેકટેડ વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો **તા. ૨૨–૧૧–૨૦૧૯** સુધીમાં ગ્રાઉન્ડ ફલોર, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, સિનિયર ક્લાર્કનું ઓનલાઈન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

પ્રતિ
તંત્રીશ્રી ,
ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.
આભાર સહ,

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)